આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

આજનું પંચાંગ

ઉદિત તિથિ	:	શુક્લ પક્ષ દ્વિતિયા સાંજે ૫:૨૭ સુધી, ત્યાર પછી તૃતીયા
વાર	:	રવિ
નક્ષત્ર	:	સવારે ૮:૫૨ સુધી સ્વાતિ, ત્યાર પછી વિશાખા ૧૯ તારીખના સવારે ૬:૦૮ સુધી, ત્યાર બાદ અનુરાધા
કરણ	:	બાલવ સવારે ૭:૦૬ સુધી, ત્યાર બાદ કૌલવ સાંજે ૫:૨૭ સુધી, ત્યાર બાદ તૈતિલ ૧૯ તારીખની સવારે ૩:૪૪ સુધી
યોગ	:	પ્રીતિ સાંજે ૫:૧૩ સુધી, ત્યાર બાદ આયુષ્યમાન
આજે જન્મેલા બાળકોની રાશિ	:	તુલા તારીખ ૧૯ ઓક્ટોબરના ૦૦ કલાક અને ૪૭ મિનીટ સુધી
રાશિના અક્ષરો	:	ર. ત. ૧૯ ઓક્ટોબરના ૦૦ કલાક અને ૪૭ મિનીટ પછી ન. ય.

આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ : આજનો દિવસ લોકસંપર્ક માટે ઉત્તમ છે. બીજા લોકો સાથે સમય પસાર કરવો કે વાત કરવી ગમે. તેમાં વધુ સમય આપશો તે લાભમાં રહેશે. આજે આરામ કરવાનો સમય બહુ ન મળે કેમ કે કોઈને કોઈ પ્રવૃત્તિ પાછળ સમય વ્યતિત થાય. જીવનસાથી શોધવા માટે ઉત્તમ દિવસ. લગ્ન થયેલાં હોય તો આજે જીવનસાથી સાથે સરસ સમય પસાર થાય.

વૃષભ : આપ આજે બીજા લોકોને મદદરૂપ થવા પ્રયત્ન કરશો. જ્યારે આરામ કરવાનો હોય ત્યારે પણ મનમાં બીજા લોકો અંગે વિચારો ચાલે. પરિવારજનોની ચિંતા ટાળો અને પોતાની તબિયત, પોતાની પ્રગતિ અંગે વિચારો. સહુ પોતાનું ભાગ્ય લઈને જન્મે છે એટલે એ પ્રમાણે સહુનું જીવન પસાર થશે. વધુ વિચારવાથી વધુ દ્વિધા થશે.

મિથુન : મોજ શોખ અને મિત્રો કે મનગમતી પ્રવૃત્તિમાં સમય પસાર કરી શકાય. આજે એવું પણ બને કે આખા અઠવાડિયામાં જે નિર્ણયો ન લઈ શકાયાં હોય તે અંગે ગંભીર વિચારણા કરો. વિશેષ ધ્યાન આપનું પોતાની તબિયત અને પોતાના ફ્યુચર પ્લાન તરફ જાય. આજે અંગત પ્રવૃત્તિઓનો વિસ્તાર કરવા માટે સારો સમય છે. .

કર્ક : બીજા લોકો આપની સાથે કેવું વર્તન કરે છે તે આપના માટે બહુ મહત્વનું રહેશે. આજે આપનો મૂડ એ પ્રમાણે બદલાતો રહેશે. આપને થશે કે આપ બીજાઓની જેટલી દરકાર કરો છો, કેર કરો છે, તેટલી કેર તે લોકો નથી કરી શકતાં. બહુ ઊંડાણ પૂર્વક વિચારશો નહીં, કશું ય સ્થાયી નથી હોતું — ન આપનો પ્રેમ ન બીજાઓની લાગણી. બસ, પ્રવાહ પ્રમાણે વહ્યા કરો, સુખી રહેશો.

સિંહ : આજે કોઈ વિષય ઉપર આપ ગંભીર વિચાર કરશો અને તર્ક વિતર્ક કરશો. જે બાબતમાં ઊંડાં ઉતારવાની જરૂર છે, તેમાં કદાચ આપ ધ્યાન નથી આપી રહ્યાં. એવું ન બને કે કોઈ બાબત આપનાથી સાવ જ નઝરઅંદાઝ થઈ જાય અને ખોટી જગ્યાએ તવજ્જો — ધ્યાન અપાઈ જાય. બાકી, આજે આરામ કરી અને થાક ઉતારવા માટે સારો દિવસ છે. મગજને પણ આરામ આપો અને પ્રવૃત્તિને પણ.

કન્યા : અન્ય લોકો વિષે આપનું કુતુહલ વધશે. ખાસ કરીને કુટુંબમાં શું ચાલી રહ્યું છે, તે અંગેની જિજ્ઞાસા વધવાની શક્યતાઓ છે. ધ્યાન એ રાખવાનું કે બીજાને સલાહો ન અપાઈ જાય. આજે જો સલાહ આપશો તો ભવિષ્યમાં પણ એ વ્યક્તિ સાથે આપને એ બાબતે ચર્ચા થશે, જેમાં સમય વ્યતિત થશે. કોઈ પણ વિષય પર રિસર્ચ કરવા માટે આજનો દિવસ ઉત્તમ છે.

તુલા : આજે આપનું ધ્યાન કળા પરત્વે વધુ આકર્ષિત થશે. આપને એ સમજાશે કે જો કળાનો સથવારો હોય તો મન સ્વસ્થ રહે છે અને ચિંતાઓ દૂર થાય છે. આજે બસ રિલેક્સ કરજો. બહુ શારીરિક કે માનસિક શ્રમ ન લેતાં. પરિવારને સમય આપી શકશો અને તે લોકો સાથે પસાર કરેલો સમય મજેદાર રહેશે. આજનો દિવસ પ્રેમની પ્રપોઝલ મુકવા માટે સરસ છે.

વૃશ્ચિક : જેમની માટે આપ ઘણું વિચારો છો, શું એ લોકો આપની માટે વિચારવા ફ્રી છે? શું એ લોકો આપની શરતે આપની સાથે સમય પસાર કરવા તૈયાર હોય છે? જો એમ નથી, તો આપની ક્યાંક ભૂલ થાય છે. આજે એવા લોકોને ફિલ્ટર કરો — જીવનમાંથી નહી પણ મનમાંથી. આજનો દિવસ કોઈ પણ વિષયના તલસ્પર્શી અથવાતો તુલનાત્મક અભ્યાસ માટે સારો છે. એ જ બાબત વ્યક્તિઓને પણ લાગુ પડે છે, માત્ર વિષયો ને નહી!

ધન : જો આપ પોતે સંતુલનમાં રહેશો, તો આસપાસનું જગત પણ સંતુલિત રહેશે. આજે મિત્રોના જીવનમાં સંતુલન હાસિલ કરવા આપ તેમને મદદરૂપ થશો. બીજા લોકો આપની સલાહ માનશે. આજે નવાનવા વિચારો આવશે. મુસાફરી કરવાનું વિચારતા હોવ તો થઈ શકશે. બીજી કોઈ પણ પ્રવૃત્તિ કરશો પણ આરામ તો ઓછો જ કરશો આજે.

મકર : આજે આળસ કરવાની ઈચ્છા પ્રબળ અને કામ કરવાની ઈચ્છા ઓછી હશે. એમ હોવા પાછળનું એક કારણ એ છે કે છેલ્લા ઘણા સમયથી આપ કોઈને કોઈ રીતે વધુ પ્રવૃત્તિમય રહ્યાં છો અને છતાં ધાર્યાં પરિણામો નથી હાસલ થયાં. આજે મગજને ‘રિ-બુટહ્ન કરો ‘રિ-સ્ટાર્ટહ્ન કરો અને તેમ કરવા માટે આળસ અને પ્રમાદ કરો. જો જો, તમને જુદા અને નવા વિચારો કાલે તો આવશે જ.

કુંભ : અત્યાર સુધી જે જ્ઞાન મેળવ્યું છે તેનું મૂલ્યાંકન કરો. શું એ જ્ઞાન ઉપયોગમાં આવ્યું કે અત્યારના સમયમાં પ્રગતિ કરવા માટે કે ટકી રહેવા માટે નવા જ્ઞાનની જરૂર છે? આજે શાંત ચિત્તે બેસી અને જીવનમાં કઈ દિશામાં જવું છે તે વિચારો. જેની ઉપર ભરોસો હોય તેની સાથે વિચાર વિમર્શ કરવાથી સ્પષ્ટતા આવશે. બાકી, રેસ્ટ કરવા માટે તો આજનો દિવસ અદ્ભૂત છે જ હોં.

મીન : એકલતાનો આનંદ અને પીડા બંને જૂદી જૂદી ચરમસીમાઓ પર લઈ જાય છે. આજે આપ બંનેનો અનુભવ એક જ દિવસમાં કરશો. જે લોકો આપને ખરેખર ચાહે છે, તે લોકો સંપર્કમાં રહેશે અથવા મળશે, જેથી આનંદ આવશે. પરંતુ, તેમની ગેરહાજરી સતાવશે પણ ખરી. કોઈને ‘આજ જાને કી ઝિદ ના કરો’ એવું કહેવાનું મન થાય, તો બિન્દાસ્ત થઈને કહી દેજો હોં ને!

મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫
Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૧૬૧ કેસ

૨૪ કલાકમાં ૧૨૭૦ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા : અત્યાર સુધીમાં કુલ ૫૨૭૪૬ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૪૦૪૧૯ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર,તા.૧૭

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે અચાનક નાટ્યાત્મક રીતે સરકારે ટેસ્ટમાં ઘટાડો કરતા હવે કોરોનાના કેસમાં પણ ઘટાડો નોંધાયો છે. સરકારે જાણે કોરોનાને કાબુમાં લેવાની અકસીર દવા શોધી કાઢી છે. ટેસ્ટ ઘટાડો દર્દીઓની સંખ્યા આપોઆપ ઘટી જશે. આજે રાજ્યમાં ૧૧૬૧ નવા દર્દીઓ નોંધાયા હતા. તો બીજી તરફ રાજ્યમાં ૧૨૭૦ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૪૦,૪૧૯ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે.

રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૨,૭૪૬ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૭૧૦.૧૧ પ્રતિ મીલીયન થાય છે.

રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૫૨,૭૪,૭૪૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે. રાજ્યના વિવિધ જિલ્લાઓના ૧૧૬૧ કેસ નોંધાયા છે. જ્યારે ૧૨૭૦ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફર્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૪૦,૪૧૯ દર્દીઓ સાજા થયા છે. રાજ્યનો દર્દીઓ સાજા થવાનો દર ૮૮.૫૨% ટકા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૫,૪૯,૪૭૯ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૫,૪૯,૧૯૯ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૨૮૦ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રિકવરી રેટ ૮૮.૫૨ ટકા છે જે ખુબ જ સારો હોવાનું સરકાર દ્વારા જણાવવામાં આવી રહ્યા છે. જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૪૫૮૭ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૭૯ છે. જ્યારે ૧૪૫૦૮ લોકો સ્ટેબલ છે. ૧,૪૦,૪૧૯ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૬૨૯ લોકોનાં મોત નિપજ્યા છે.

આજે ૦૯ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી રાજકોટ કોર્પોરેશન ૩, અમદાવાદ કોર્પોરેશન ૨, સુરત કોર્પોરેશન ૨, ગીર સોમનાથ ૧ અને વડોદરા કોર્પોરેશનના ૧નો સમાવેશ થાય છે. આ રીતે ગુજરાતમાં કોરોનાને કારણે ૦૯ લોકોનાં મોત નિપજ્યાં છે.

શક્તિપીઠ અંબાજી ખાતે કલેક્ટર આનંદ પટેલના હસ્તે વ્યસનમુક્તિ સંકલ્પ અભિયાનનો પ્રારંભ

અંબાજી, તા. ૧૭

નવરાત્રિના પ્રથમ દિવસે અંબાજી ખાતે બનાસકાંઠા કલેક્ટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના

અધયક્ષ આનંદ પટેલના હસ્તે વ્યસનમુક્તિ સંકલ્પ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. અંબાજી મંદિરના શક્તિદ્વાર ખાતે કલેક્ટરે યાત્રિકો સાથે સંપર્ક કરી વ્યસનથી થતાં નુકશાન અને મુશ્કેલીઓ સમજાવી સંકલ્પપત્રોનું વિતરણ કર્યું હતું. કલેક્ટરની અપીલને પગલે યાત્રિકોએ કલેક્ટરની ઉપસ્થિતીમાં માતાજીના ચરણમાં વ્યસન છોડવા સંકલ્પ લીધા હતા.

અંબાજી દર્શનાર્થે આવતા યાત્રિકો પૈકી બીડી, સિગારેટ, પાન-મસાલા જેવા કે અન્ય વ્યસનો ધરાવતા લોકો સંકલ્પ પત્રમાં જરૂરી વિગતો ભરી માતાજીના ચરણમાં વ્યસન છોડવા સંકલ્પ લેશે. વ્યસનમુક્તિ અભિયાનથી ઘણા લોકો માતાજીના ચરણોમાં વ્યસન છોડીને તંદુરસ્ત અને સુખી જીવન પામશે. નવરાત્રિના નવ દિવસો સુધી આ અભિયાન ચાલશે.

આ પ્રસંગે અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર અને નાયબ કલેક્ટર એસ. જે. ચાવડા, અધિકારીઓ, કર્મચારીઓ અને યાત્રિકો ઉપસ્થિત રહ્યા હતા. નવરાત્રિના પ્રારંભ પ્રસંગે કલેક્ટરના હસ્તે અંબાજી મંદિરમાં ઘટસ્થાપન પૂજન વિધિ કરાઈ. નવરાત્રિના પ્રારંભ પ્રસંગે કલેક્ટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષ આનંદ પટેલના હસ્તે અંબાજી મંદિરમાં શાસ્ત્રોક્ત રીતે મંત્રોચ્ચાર સાથે ઘટસ્થાપન પૂજન વિધિ કરવામાં આવી હતી. કલેક્ટર પરિવાર સાથે આ પૂજનવિધિમાં જોડાયા હતા. આ પ્રસંગે ભટ્ટજી મહારાજ અને વિદ્વાન બ્રાહ્મણો ઉપસ્થિત રહ્યા હતા.

કોરોનાના કહેરને અટકાવવા માટે એસ.ટી. ડેપો ખાતે કોવિડ-૧૯ના ફ્રી ટેસ્ટનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. ડ્રાઈવર, કડંકટર, મીકેનીક અને વહીવટના કુલ ૧૩૯ કર્મચારીઓના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ બેન્ક લિમિટેડનો આઈપીઓ ૨૦ ઓક્ટોબરે ખુલશે

બેંકિંગ આઉટલેટ્સના સંદર્ભમાં ભારતની સૌથી મોટી સ્મોલ ફાઈનાન્સ બેન્ક (SFB) અને એસેટ અન્ડર મેનેજમેન્ટ તેમજ કુલ થાપણોના સંદર્ભમાં ૨૦૧૯માં બીજા ક્રમની જીહ્મ (સ્રોત: ક્રિસિલ રિપોર્ટ) ઈક્વિટાસ સ્મોલ ફાઈનાન્સ બેન્ક (કંપની)નું પ્રારંભિક જાહેર ભરણું (આઈપીઓ) ૨૦ ઓક્ટોબરનાં રોજ ખુલી રહ્યું છે. પ્રતિ શેર રૂ. ૧૦ની મુળ કિંમત ધરાવતા ઈક્વિટી શેર્સની આ ઓફર ૨૨ ઓક્ટોબરના રોજ બંધ થશે. પ્રાઈસ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર રૂ. ૩૨ થી રૂ. ૩૩ નિર્ધારિત કરવામાં આવી છે.

આ આઈપીઓમાં રૂ. ૨૮૦ કરોડના ફ્રેશ ઈશ્યુ અને અકિવિટાસ હોલ્ડીંગ્સ લિમિટેડ (પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર અને આ ઈક્વિટી શેર્સ ‘‘ઓફર્ડ શેર્સ’’ કહેવાશે) દ્વારા ૭.૨ કરોડ ઈક્વિટી શેર્સ સુધીના ઓફર ફોર સેલનો સમાવેશ થાય છે. ઓફરમાં રૂ. ૫૧ કરોડનાં શેરો માન્ય EHL શેરહોલ્ડર્સ (EHL રીઝર્વેશન પોર્શન) માટે રૂ. ૧ કરોડનાં શેરો માન્ય કર્મચારીઓ (એમ્પ્લોયી રીઝર્વેશન પોર્શન) માટે અનામત રાખવામાં આવેલા શેરોનો પણ સમાવેશ થાય છે. EHL શેરહોલ્ડર્સ રિઝર્વેશન પોર્શન અને એમ્પ્લોયી રીઝર્વેશન પોર્શનને બાદ કરતી ઓફરને હવેથી ‘‘નેટ ઓફર’’ તરીકે ઓળખવામાં આવશે.

ઓછામાં ઓછા ૪૫૦ ઈક્વિટી શેરો માટે અને તે પછી ૪૫૦ના ગુણાંકમાં બિડ કરી શકાશે.

આ આઈપીઓમાં ઓફર કરવામાં આવી રહેલા ઈક્વિટી શેરોનું લિસ્ટીંગ બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (‘‘NSE’’) ખાતે કરવામાં આશે. ઓફર માટે એનએસઈ એ નિર્દિષ્ટ સ્ટોક એક્સચેન્જ છે.

વધુ ૧૮

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ઉપરાંત ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૭ માં રહેતા અને કૃષિભવનમાં ડ્રાયવર તરીકે ફરજો બજાવતા ૫૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૦માં રહેતા અને વિજ્ઞાન કોલેજમાં હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ તરીકે ફરજો બજાવતા ૫૫ વર્ષીય અધ્યાપકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૮ માં રહેતા અને ગુજરાત યુનિ.માં ફરજો બજાવતા ૩૨ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીઓએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૯ માં રહેતા અને ટ્રાફિક પોલીસમાં ફરજો બજાવતા ૪૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સે. ૨૯ માં રહેતા મંડપ ડેકોરેશનના વ્યવસાય સાથે સંકળાયેલ ૪૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૮ માં રહેતી ૪૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. સે. ૨ માં પણ જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે તેનાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

અમદાવાદ ખાતે ક્લીનીકલ રિસર્ચમાં કામ કરતા અને સે. ૨ મા રહેતા ૪૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨ માંથી એક ૭૨ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત એસ.ટી. નિગમના રાણીપ ડેપો ખાતે હિસાબી શાખામાં નોકરી કરતી ૩૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩-એ ન્યુ માંથી ૬૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે સે. ૩ માંથી ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

નવા સચિવાલયમાં નાયબ મામલતદાર તરીકે ફરજો બજાવતા અને સે. ૨૧માં રહેતા ૩૨ વર્ષીય યુવા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ઈન્દ્રોડા ગામેથી ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. આ ઉપરાંત સે. ૧૩ ખાતે રહેતા કોસ્ટ ગાર્ડની કચેરીમાં સ્ટેનોગ્રાફર તરીકે ફરજો બજાવતા ૨૬ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં આજે વધુ ૨૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે. શહેરમાં ૧૩૮૫ દર્દીઓ અત્યાર સુધીમાં કોરોના મુક્ત થયા છે.

શહેરમાં હાલ ૨૨૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેરમાં કોરોનાના કારણે અત્યાર સુધીમાં ૨૬ દર્દીના મોત થયાનું તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

નવા ૧૪ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેગામમાંથી ૬૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

માણસા તાલુકાના ધોળાકુવા ગામેથી આજે બે કેસ મળી આવ્યા છે. ૬૯ વર્ષીય નિવૃત્ત નોકરીયાત તેમજ ૬૬ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આનંદપુરા ગામેથી પણ ૫૯ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ત્રણેયને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ તાલુકાના રાંચરડા ગામેથી ૫૦ વર્ષીય મજૂરી કામ કરતા પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૩૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ધંધાર્થી ૫૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ધંધાર્થીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ દાવો કર્યો છે કે જિલ્લામાં રિકવરી રેટ સારો છે. આજે વધુ ૧૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૧૪૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૫૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૪,૫૮૪ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

હાઉસીંગ માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાહેરાત કરી હતી. બિલ્ટઅપ એરિયાની જોગવાઈમાં ફેરફારના પરિણામે હવે લાભાર્થી પરિવારોને સુવિધાયુકત અને વધુ જગ્યાવાળા આવાસો મળતા થશે. એફોર્ડેબલ હાઉસીંગ નિર્માણ માટે સરળતાએ વધુ જમીન ઉપલબ્ધ થાય અને મોટાપાયે આવા આવસો બનાવી ઘરના ઘરનું સામાન્ય માનવીનું સપનું પાર પડે તે માટે ખેતીની જમીન કાયદા ૬૩ છછછ હેઠળ એફોર્ડેબલ હાઉસીંગ માટે જમીનોની પરવાનગી સરકાર આપશે. બાંધકામ ક્ષેત્રને વેગ આપવા અન્ય એક જાહેરાત કરતાં તેમણે કહ્યું કે, હાલ ચાર્જેબલ હ્નજેૈં બાંધકામ મંજૂરી વખતે લેવામાં આવે છે. પરંતુ આવી ચાર્જેબલ હ્નજેૈં વાળો બાંધકામ ભાગ પાછળથી કરવાનો થતો હોઈ બાંધકામ ઉદ્યોગની રજૂઆતો પ્રત્યે સંવેદના દાખવી આ હ્નજેૈં સમગ્ર રાજ્યમાં એક સમાન પદ્ધતિએ લેવામાં આવશે તેમ જણાવ્યું હતું. આ સંદર્ભમાં વ્યાજમાં રાહત આપવાની બાબતે પણ રાજ્ય સરકાર વિચારાધિન છે એમ ઉમેર્યુ હતું. નોન ટી.પી એરિયામાં કપાત પછી બાકી રહેતી જમીન પર જ પ્રિમીયમની માંગણી અંગે સહાનુભૂતિપૂર્વક વિચારણા કરી વધુ પ્રિમીયમ ભરવું ના પડે તે માટે રાજ્ય સરકાર યોગ્ય વ્યવસ્થા કરશે એમ જણાવ્યું હતું. રાજ્યમાં એફોર્ડેબલ હાઉસીંગ સેકટર સહિતના બાંધકામ ક્ષેત્રનો વધુને વધુ લોકો લાભ મેળવી સુંદર, સુવિધાસભર આવાસ છત્ર મેળવે તેવું દાયિત્વ નિભાવવા બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા સૌને અનુરોધ કર્યો હતો.

ઓળખ કરાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વેક્સિનના ઉપયોગને જેવી મંજૂરી મળી જાય કે પહેલા તબક્કામાં તેના શોટ્સ અપાશે અને તેમાં બૂસ્ટર ડોઝનો પણ સમાવેશ થાય છે. આ લિસ્ટ ચાર કેટેગરીઓમાં વહેંચાયેલું છે. જેમાં ૫૦-૭૦ લાખ હેલ્થકેર પ્રોફેશનલ્સ, બે કરોડ ફંટલાઈન વર્કર્સ, ૫૦ વર્ષથી વધુ વય ધરાવતા ૨૬ કરોડ લોકો તેમજ ૫૦ વર્ષથી ઓછી વય હોય પરંતુ કો-મોર્બિડિટી ધરાવતા હોય તેવા લોકોનો સમાવેશ થાય છે.

ભારતમાં હાલ ત્રણ રસીઓનું હ્યુમન ટ્રાયલ ચાલી રહ્યું છે. જેમાં ઓક્સફોર્ડ-એસ્ટ્રાઝેનેકા સૌથી એડવાન્સ એવા ત્રીજા તબક્કામાં પહોંચી ગઈ છે. દેશમાં પુણે સ્થિત સીરમ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા તેનું પરિક્ષણ થઈ રહ્યું છે. સરકારે હાલમાં જ કહ્યું હતું કે, ફેઝ-૩નો ડેટા નવેમ્બરના અંત કે ડિસેમ્બરની શરુઆત સુધીમાં આવી જશે.

રાજ્ય સરકારો તેમજ કેન્દ્ર સરકારની એજન્સીઓ દ્વારા અપાયેલા ઈનપુટ્સને આધારે વેક્સિન એડમિનિસ્ટ્રેશનનું નેશનલ એક્સપર્ટ ગ્રુપ તેની અમલવારીનું આયોજન કરી રહ્યું છે. આ ગ્રુપની આગેવાની નીતિ આયોગના મેમ્બર ડૉ. વીકે પૉલ અને હેલ્થ સેક્રેટરી રાજેશ ભૂષણ કરી રહ્યા છે. સરકાર પહેલા તબક્કામાં ૨૩ ટકા વસ્તીને રસી આપી દેવા માગે છે.

૧૮ ટકાનો ઘટાડો

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ સતત બીજુ પખવાડિયું છે જેમાં કોરોના વાયરસના સંક્રમણના નવા કેસોમાં ઘટાડો જોવા મળ્યો છે. ગત પખવાડિયું (૧૬-૩૦ સપ્ટેમ્બર) દરમિયાન પ્રથમ વખત કોરોના વાયરસના પોઝિટિવ કેસોની સંખ્યા ઘટાડો જોવા મળ્યો હતો. તે સમયગાળા દરમિયાન સંક્રમણના નવા કેસોમાં ૨.૯%નો ઘટાડો જોવા મળ્યો હતો. કોરોનાથી મૃત્યુ પામનારા લોકો વિશે વાત કરવામાં આવે તો ઓક્ટોબરના પહેલા પખવાડિયામાં ૧૩,૪૭૪ મૃત્યુ નોંધાયા છે. જે પાછલા પખવાડિયાથી ૧૮.૯% ટકા જેટલા ઓછા છે. સપ્ટેમ્બરના પાછલા ૧૫ દિવસમાં પહેલીવાર મૃત્યુદરમાં ઘટાડો જોવા મળ્યો હતો, જોકે તે ઘટાડો ફક્ત ૦.૨% હતો. જ્યારે સપ્ટેમ્બરના પહેલા પખવાડિયામાં, કોરોના સંક્રમણના કેસ અને કોરોનાથી મૃત્યુનાં કેસ તેના શિખરે હતા. તે પખવાડિયામાં દેશમાં કોરોનાના કુલ ૧૩,૩૧,૬૬૦ નવા કેસો નોંધાયા હતા(જે અગાઉના પખવાડિયાથી ૨૮.૭% વધારે હતા) અને ૧૬,૬૪૧ મૃત્યુ નોંધાયા છે, જે પાછલા ૧૫ દિવસની તુલનામાં ૧૫.૪% વધારે હતા. આ દરમિયાન દેશમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૮ લાખની નીચે પહોંચી ગઈ છે.

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
EMERGENCY 24 HOURS SERVICES
સુવિધાઓ
● આઈ.સી.યુ.ની સુવિધા ● 2D Echo
● અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨ હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
● સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
● એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
● મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા
ઉપલબ્ધ સારવાર
ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન
સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન
મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ
પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મહેતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર
● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી
કાન, નાક, ગળા વિભાગ (દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર
ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન
For Appointment : Mo. : 84698 80550
OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦

કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ